# ચૂકવણીની અરજી પત્ર

DBS Live more, Bank less

(કૃપા કરીને બ્લૉકલેટર્સમાં લખો કે ટાઇપ કરો)

માટેની અરજી :
(જ્યાં પણ લાગુ થતું હોય ત્યાં ટિક)

☐ ટેલીગ્રાફિક ટ્રાન્સફર (ટીટી)
☐ રીયલટ ટાઇમ ગ્રોસ સેટલમેન્ટ (આરટીજીએસ)
☐ ડીમાન્ડ ડ્રાફ્ટ (ડીડી)
☐ નેશનલ ઇલેક્ટ્રોનિક ફંડ્સ ટ્રાન્સફર (એનઇએફટી)

## અરજદારની વિગતો

નામઃ :

સંપર્ક નં :

સરનામુંઃ :

ઇ-મેઇલ સરનામું (એડ્રેસ) :
(ફક્ત એનઇએફટી ચૂકવણીઓ માટે)

મોબાઈલ નમ્બર
(ફક્ત એનઇએફટી ચૂકવણીઓ માટે)

☐ મારા ડીબીએસ ખાતા નં.માંથી ઉધારો

☐ ડીપોઝિટ ડીબીએસ ચેક નં.

ટીટીનું ચલણઃ ::

☐ રકમ શબ્દોમા____

☐ ટીટી / ડીડી / આરટીજીએસ / એનઇએફટી ચલણમાં રકમ____
(ચાર્જિસ વગર)

☐ ટીટી / ડીડી / આરટીજીએસ / એનઇએફટી ચલણમાં રકમ____
(ચાર્જિસ સહિત)

☐ જ્યાં ચૂકવવાપાત્ર છે, તે શહેર અને દેશ____
(ફક્ત ડીડી/ટીટી માટે)

વિદેશી ચાર્જિસઃ :
(ફક્ત ટીટી/ડીડી માટે)

☐ લાભાર્થીના ખાતા માટે છે____

☐ નાણાં મોકલનાર વ્યક્તિના ખાતા માટે છે, કૃપા કરીને આ ખાતા નં.માંથી નાણાં ઉધારો____

## લાભાર્થીની વિગતો

લાભાર્થીનું નામ____

લાભાર્થીનો ખાતા નં.____

લાભાર્થીનો ખાતા નંબર ફરીથી દાખલ કરો____

લાભાર્થીની બેંકનો આઇએફએસસી કોડ____
(ફક્ત આરટીજીએસ/એનઇએફટી માટે)

લાભાર્થી બેંકનું નામ અને સરનામું____
(ફક્ત ટીટી/ડીડી માટે)____

બેંક ક્લીયરિંગ કોડ (સ્વિફ્ટ એડ્રેસ વગેરે)____
(ફક્ત ટીટી માટે કૃપા કરીને જો આ માહિતી ઉપલબ્ધ હોય તો પૂરી પાડો)

લાગુ થતું હોય તે મુજબ ટિક કરો (ફક્ત એનઇએફટી ચૂકવણીઓ માટે જ)

☐ ડીબીએસ બેંક ઇન્ડિયા લિમિટેડમાં ખાતું નહીં ધરાવતા ગ્રાહકો માટે 50 એનઇએફટી

☐ 51 ઇન્ડો-નેપાલ રેમિટેન્સ

☐ 52 કાર્ડ દ્વારા ચૂકવણીઓ

ચૂકવણીની વિગતો (જો કોઈ હોય તો - ટીટી/એનઇએફટી/આરટીજીએસ માટે)____

તમારા પર કોઇપણ પ્રકારની જવાબદારી કે ઉત્તરદાયિત્વ વગર મારા/અમારા ખાતા માટે અને જોખમે તથા પાછળના પાના પર આપવામાં આવેલા નિયમો અને શરતોને આધિન, જેને મેં/અમે વાંચી અને સમજી લીધી છે. કૃપા કરીને અહીં ઉપર જણાવ્યાં મુજબ આ ટ્રાન્ઝેક્શનને હાથ ધરો.

કંપનીના સિક્કાની સાથે અધિકૃત સહી(ઓ) (જો લાગુ થતું હોય તો)

તારીખ તા તા મ મ વ વ વ વ

## વસૂલાતનો મૉડ (ડીડી માટે)

કંપનીના સિક્કાની સાથે અધિકૃત સહી(ઓ) (જો લાગુ થતું હોય તો)

તારીખ તા તા મ મ વ વ વ વ

## ડીડી પ્રાપ્ત થયાંની સ્વીકૃતિ

☐ હું ડીડી પ્રાપ્ત થયાંની સ્વીકૃતિ આપું છું

કંપનીના સિક્કાની સાથે અધિકૃત સહી(ઓ) (જો લાગુ થતું હોય તો)

તારીખ તા તા મ મ વ વ વ વ

## બેંકના ઉપયોગ માટે

| ધ્યાન પર લેનાર | સહીની ચકાસણી કરનાર | મંજૂર કરનાર | પ્રક્રિયા હાથ ધરનાર | ચકાસણી કરનાર | અધિકૃત કરનાર |
|---|---|---|---|---|---|
| | | | | | |

**મહત્ત્વની નોંધઃ** ઇલેક્ટ્રોનિક ચૂકવણીઓ પર પ્રક્રિયા ફક્ત લાભાર્થીના ખાતા નંબરના આધારે હાથ ધરવામાં આવશે અને લાભાર્થીનો ખાતા નંબર દાખલ કરતી વખતે ગ્રાહકે યોગ્ય સાવધાની રાખવી જોઇએ. જો લાભાર્થીનો ખાતા નંબર સાચો ન હોય તો આવા સાચા ખાતામાં નાણાં જમા ન થવા માટે/મોડા જમા થવા માટે બેંક જવાબદાર ગણાશે નહીં.

## નિયમો અને શરતો

1. બેંક ચૂકવણીની પ્રક્રિયા હાથ ધરવા માટે રૂઢિગત પગલાં લઈ શકે છે. આમ કરવામાં બેંક મેઇલ, ટેલેક્સ, કેબલ, સ્વિફ્ટ કે તેને યોગ્ય જણાય તેવા અન્ય કોઈ માધ્યમ મારફતે નાણાં મોકલવા અથવા રેમિટેન્સના નાણાં મેળવવા માટે તથા કોઇપણ કોરેસ્પોન્ડેન્ટ, પેટા-એજન્ટ કે અન્ય કોઈ એજન્સીનો ઉપયોગ કરવા માટે અરજદાર વતી સ્વતંત્ર ગણાશે પરંતુ કોઇપણ કિસ્સામાં બેંક કે તેના કોઈ કોરેસ્પોન્ડેન્ટ્સ અથવા એજન્ટો ઇલેક્ટ્રોનિક ટ્રાન્સમિશન, વાયર કેબલ કે મેઇલમાં અથવા કોઇપણ પોસ્ટલ સત્તા, ટેલીગ્રાફ, કેબલ કે વાયરલેસ કંપની કે આવી કોઈ સત્તાના કોઈ કર્મચારી કે અન્ય કોઈ કારણોસર સર્જાતી ખામી, હસ્તક્ષેપો, ચૂક, ત્રુટિ કે વિલંબ માટે જવાબદાર ગણાશે નહીં. બેંક તેના કોરેસ્પોન્ડેન્ટ્સ કે એજન્ટ્સ મારફતે અથવા તો અન્ય કોઈ રીતે આ ટ્રાન્સફર સંબંધિત કોઈ મેસેજને સ્પષ્ટ ભાષામાં, કોડમાં કે સાંકેતિક ભાષામાં મોકલી શકે છે.
2. બેંક લાગુ થતી માર્ગદર્શિકા અનુસાર, કારણ જણાવીને અથવા તો કોઈ કારણ જણાવ્યાં વગર કોઇપણ અરજીને નકારી કાઢવાનો અધિકાર ધરાવે છે.
3. બેંક તેના તરફથી કે તેના કોઈ કર્મચારી કે કોઈ કોરેસ્પોન્ડેન્ટ્સ, પેટા-એજન્ટ કે અન્ય કોઈ એજન્ટ કે તેમના કર્મચારીઓ તરફથી થયેલી કોઈ ત્રુટિ, બેદરકારી, ચૂક, કાર્યવાહી કે કાર્યવાહીમાં ચૂક માટે જવાબદાર ગણાશે નહીં.
4. જે દેશમાં નાણાં મોકલવામાં આવ્યાં છે, તે દેશના ચલણ સિવાયનું અન્ય ચલણ બેંકના કોરેસ્પોન્ડેન્ટ્સ અથવા એજન્ટોના ખરીદીના દરે ઉક્ત દેશના ચલણમાં ચૂકવણી પ્રાપ્ત કરનારી વ્યક્તિને ચૂકવવાપાત્ર ગણાશે અન્યથા ચૂકવણી પ્રાપ્ત કરનારી આવી વ્યક્તિએ આવી ચૂકવણી સાથે સંકળાયેલા બેંકના કોરેસ્પોન્ડેન્ટ્સ કે એજન્ટના તમામ ચાર્જિસની ચૂકવણી કરીને ચૂકવણી કરનારા કોરેસ્પોન્ડેન્ટ કે એજન્ટ સાથે અન્ય કોઈ ચલણમાં ચૂકણી મેળવવાની વ્યવસ્થા કરી હોય.
5. જ્યાં સુધી સ્પષ્ટરૂપે અને વિશેષ રૂપે લેખિતમાં સંમત થવામાં આવ્યું ન હોય ત્યાં સુધી બેંક તેની મુનસફી મુજબ આ પ્રકારના નાણાં પ્રાપ્ત થયાંના દિવસે અરજદાર તરફથી પ્રાપ્ત થયેલા નાણાંને બેંકના વેચાણ દરે વિદેશી મૂલ્યોમાં રૂપાંતરિત કરી શકે છે. આ પ્રકારના રૂપાંતરણનું અમલીકરણ કરનારું બેંકનું લેખિત સ્ટેટમેન્ટ નિર્ણાયક ગણાશે.
6. કરવેરાઓ કે અવમૂલ્યનને કારણે નાણાંનાં મૂલ્યમાં થતાં કોઇપણ પ્રકારના ઘટાડા માટે અથવા તો આ પ્રકારના નાણાંની ઉપલબ્ધતા નહીં હોવાને કારણે કે નાણાંને રૂપાંતરિત કરવા, માંગણી કરવા, અનૈચ્છિક ટ્રાન્સફર પર પ્રતિબંધ, કોઇપણ પ્રકારની ટાંચ, સરકાર કે સૈન્યની સત્તાના ઉપયોગ, યુદ્ધ, હુમલો કે બેંકની નિયંત્રણની બહાર હોય તેવા કોઈ કારણે બેંક પર અરજદાર કે અન્ય કોઈ વ્યક્તિની જવાબદારી કે ઉત્તરદાયિત્વ રહેશે નહીં. વધુમાં, (i) ચલણ જે દેશનું હોય તે દેશે આ પ્રકારના નાણાંની ઉપલબ્ધતા, ક્રેડિટ કે ટ્રાન્સફરને પ્રતિબંધિત કર્યું હોય તો, બેંક આ સંબંધિત ચલણમાં કે અન્ય કોઈ ચલણમાં ડ્રાફ્ટ કે રોકડ કે અન્ય કોઈ માધ્યમ મારફતે નાણાંની ચૂકવણી કરવાની કોઈ જવાબદારી ધરાવશે નહીં અને (ii) ઇએમયુ (ઇકોનોમિક એન્ડ મોનેટરી યુનિયન) સંબંધિત કોઈ ઘટના ઘટવાના કિસ્સામાં (ઇએમયુને વિખેરી નાંખવું, ઇએમયુમાંથી એક કે તેનાથી વધુ સહભાગી દેશો બહાર નીકળી જવા કે પછી સહભાગી દેશોના સંયોજનમાં કોઈ ફેરફાર થવો વગેરે સહિત પરંતુ આટલા સુધી મર્યાદિત નહીં), કે જે યુરોની ઉપલબ્ધતા, ક્રેડિટ કે ટ્રાન્સફર થવાને પ્રતિબંધિત કરે છે અથવા તો તે બેંક માટે યુરો ફંડ્સ સંબંધિત તેના ઉત્તરદાયિત્વોને હાથ ધરવાનું અશક્ય કે અવ્યવહારુ બનાવી દે છે, તો બેંક સંબંધિત ચલણમાં અથવા અન્ય કોઈ ચલણમાં ડ્રાફ્ટ, રોકડ કે અન્ય કોઈ માધ્યમ દ્વારા આ નાણાંની ચૂકવણી કરવાની કોઈ જવાબદારી ધરાવશે નહીં.
7. અરજીકર્તા બેંકને, તેના અધિકારીઓને, કર્મચારીઓને, કોરેસ્પોન્ડેન્ટ્સને અને એજન્ટોને અહીં અંદર લાગુ કરવામાં આવેલા ડ્રાફ્ટ કે તેની સાથે સંકળાયેલા કોઈ ટ્રાન્ઝેક્શનના સંબંધમાં કોઈ તપાસ હાથ ધરવાના હેતુ માટે અરજદારની વિગતો, આ અરજી, તેની કોઈ વિષયગત બાબતના સંબંધમાં રહેલી કોઇપણ બાબતને જાહેર કરવાની સંમતિ આપે છે.
8. બેંક સમયાંતરે લાગુ થઈ શકે તેવા વિનિયમો અને માર્ગદર્શિકા અનુસાર જો જરૂર જણાય તો 30 દિવસ અગાઉથી જાણ કરીને તેની મુનસફી મુજબ કોઇપણ સમયે ઉપરોક્ત નિયમો અને શરતોમાં ઉમેરો કરવાનો, તેમાં ફેરફાર કરવાનો, તેને બદલવાનો અને તેમાં સુધારોવધારો કરવાનો અધિકાર ધરાવે છે.
9. વિદેશી ચલણના ડ્રાફ્ટને રોકડમાં ફેરવવાની પ્રક્રિયા રકમ પ્રાપ્ત કરનારી વ્યક્તિની બેંકની એન્કેશમેન્ટની પ્રક્રિયાને આધિન છે.
10. વિદેશી ચલણના ડ્રાફ્ટને રોકડમાં ફેરવવાની પ્રક્રિયા જે દેશમાં ડ્રાફ્ટને રોકડમાં ફેરવવાનો છે, તે દેશના નિયમો અને વિનિયમોને આધિન છે. કેટલાક દેશોમાં વિનિમયના પ્રતિબંધો પ્રવર્તમાન હોવાનું ધ્યાનમાં રાખતાં ડ્રાફ્ટને રોકડમાં ફેરવવાના સંબંધમાં બેંકની જવાબદારી ચૂકવણીના સૂચનો પ્રાપ્ત થાય ત્યારે અથવા તો ચૂકવણી હાથ ધરવામાં આવે ત્યારે કોઇપણ સરકાર કે ચૂકવણીના સ્થળે હયાત હોય તેવા અન્ય કોઈ પ્રતિબંધો કે સંબંધિત ચલણના મુખ્ય નાણાકીય કેન્દ્ર અથવા તો ચલણ યુરો હોવાના કિસ્સામાં યુરોપીયન યુનિયન કે તેના કોઈ સભ્યરાષ્ટ્રો હેઠળ ડ્રાફ્ટ જે ચલણમાં તૈયાર કરવામાં આવ્યો છે, તે ચલણમાં મંજૂરીપ્રાપ્ત ચૂકવણીની મર્યાદાથી વધી જશે નહીં. કોઈ સરકાર કે સરકારી એજન્સીની કોઇપણ કાર્યવાહી કે આદેશને પરિણામે અથવા તો કોઇપણ ક્લીયરિંગ, સેટલમેન્ટ કે પેમેન્ટ સિસ્ટમ નિષ્ફળ જવાને પરિણામે કે અન્ય કોઈ કારણોસર કોઇપણ વિલંબ કે નુકસાન માટે બેંક કે તેના કોઈ કોરેસ્પોન્ડેન્ટ કે એજન્ટને જવાબદાર ઠેરવી શકાશે નહીં.
11. અરજદાર એ વાતને સ્વીકારે છે કે, એક સમાન દિવસના આરટીજીએસ/એનઇએફટી ટ્રાન્સફર્સ પર અમલીકરણ ત્યારે જ કરવામાં આવશે જ્યારે અરજી બેંક દ્વારા સમયાંતરે નિર્ધારિત કરવામાં આવેલા કટ-ઑફના સમય પહેલા સોંપવામાં આવી હોય અને બેંક ચૂકવણીનો સમય/શિડ્યૂલિંગને નક્કી કરવાની સ્વતંત્રતા ધરાવે છે, અન્યથા ટ્રાન્સફરની પ્રક્રિયાને આગામી કાર્યદિવસે હાથ ધરવામાં આવશે.
12. અરજદાર એ બાબતે સંમત થાય છે કે, બેંક દ્વારા જ્યારે આરટીજીએસ/એનઇએફટી ચૂકવણી હાથ ધરવામાં આવે છે, ત્યારે આ પ્રકારની ચૂકવણી પ્રક્રિયાને પલટાવી શકાતી નથી, તે અફર થઈ જાય છે. આથી અરજદાર અહીં બેંકને તેના દ્વારા ઇશ્યૂ કરવામાં આવેલા કોઈ ચૂકવણીના આદેશ પર બેંક દ્વારા અમલીકરણ કરવા માટે બેંકે ભોગવવી પડતી કોઇપણ આર્થિક જવાબદારીને પોતાના ખાતામાંથી ઉધારવા માટે અધિકૃત કરે છે.
13. કોઈ સરકાર કે સરકારી એજન્સીની કોઇપણ કાર્યવાહી કે આદેશને પરિણામે અથવા તો આરટીજીએસ/એનઇએફટી સિસ્ટમ નિષ્ફળ જવાને પરિણામે કે અન્ય કોઈ કારણોસર કોઇપણ વિલંબ કે નુકસાન માટે બેંક કે તેના કોઈ કોરેસ્પોન્ડેન્ટ કે એજન્ટને જવાબદાર ઠેરવી શકાશે નહીં. બેંક આ કરાર મુજબ રેમિટેન્સ માટે અને કોઇપણ કોરેસ્પોન્ડેન્ટ, પેટા-એજન્ટ કે અન્ય કોઈ એજન્સીનો ઉપયોગ કરવા માટે પરંપરાગત પગલાં લઈ શકે છે પરંતુ કોઇપણ કિસ્સામાં બેંક કે તેના કોઈ કોરેસ્પોન્ડેન્ટ્સ કે એજન્ટ્સને આરટીજીએસ/એનઇએફટી સિસ્ટમમાં આવતાં કોઈ હસ્તક્ષેપો, ચૂક, ત્રુટિઓ કે વિલંબ કે અન્ય કોઈ કારણોસર જવાબદાર ઠેરવી શકાશે નહીં.
14. જો સંચાલન સંબંધિત પરિસ્થિતિને કારણે જરૂર જણાય તો બેંક નાણાં મોકલનાર દ્વારા નિર્ધારિત કરવામાં આવેલા સ્થળને બદલે અન્ય કોઈ સ્થળે આ ટેલીગ્રાફિક ટ્રાન્સફર/ડીમાન્ડ ડ્રાફ્ટને તૈયાર કરવાનો અધિકાર ધરાવે છે.
15. કોઈ ચોક્કસ સૂચનના અભાવમાં ટેલીગ્રાફિક ટ્રાન્સફર, ડીમાન્ડ ડ્રાફ્ટ જે દેશમાં ચૂકવણી કરવાની છે, તે દેશના ચલણમાં લાગુ થશે.
16. ભારતની બહાર લાગુ થતાં તમામ ચાર્જિસ લાભાર્થીના ખાતામાંથી વસૂલવામાં આવશે.


DBS Live more, Bank less

વધુ માહિતી માટે કૃપા કરીને સંપર્ક કરોઃ

| | | |
|---|---|---|
| મુંબઈઃ | ટેલી | +91 22 6638 8888 |
| બેંગ્લુરુઃ | ટેલી | +91 80 6632 8888 |
| ચેન્નાઈઃ | ટેલી | +91 44 6656 8888 |
| કુડ્ડાલોરઃ | ટેલી | +91 413 3208 195 |
| કોલ્હાપુરઃ | ટેલી | +91 231 3050 100 |
| કોલકાતાઃ | ટેલી | +91 33 6621 8888 |
| મુરાદાબાદઃ | ટેલી | +91 591 6601 300 |
| નાસિકઃ | ટેલી | +91 253 6632 100 |
| નવી દિલ્હીઃ | ટેલી | +91 11 3041 8888 |
| પૂણેઃ | ટેલી | +91 20 6621 8888 |
| સાલેમઃ | ટેલી | +91 427 6641 300 |
| સુરતઃ | ટેલી | +91 261 6675 400 |

www.dbs.com/in



માર્ચ 2019